ત્યાંથી વિહાર કરી વુ ગામ ગામના શ્રી સંઘની ઘણીજ આગ્રહ ભરી વિનંતિ હોવાથી મહારાજ સાહેબ વુગામ પધાર્યા.

વુગામમાં શિખર બંધ ભવ્ય દેરાસર ચાલીસ વર્ષથી તૈયાર થઈ ગયું હતું પરંતુ બાર ઘરના શ્રી સંઘમાં ઉગ્ર કુસંપ હોવાને કારણે પ્રતિષ્ટા થઈ શકી નહોતી. જેતી શાસન પ્રભાવક મુનિરાજ શ્રી સુસીલ વિજયજી મહારાજ સાહેબે અહી બે મહીનાની સ્થિરતા કરી, અને તનતોડ મહેનત ઉઠાવી શ્રી સંઘમાં સંપ કરાવી શાંતિ સ્થાપી ત્યાર બાદ વુગામના ઉત્સાહિત થયેલા. શ્રી સંઘે મહારાજ સાહેબના સદઉપ દેશથી પ્રતિષ્ટાની તડામાર તૈયારી કરી. આ પ્રતિષ્ટા મહોત્સવના શુભ પ્રસંગે દેશ પરદેશથી પુ–ષ્કળ શ્રાવક શ્રાવિકાઓ એકઠા થયા. હતા. સંવત ૨૦૦૯ ના ફાલગુન શુદ ૫ પંચમીના શુભ દિવસે મુનિરાજ શ્રી સુશીલ વિજયજી મહારાજ સાહેબે ઘણીજ ધામધુમ સાથે પરમાત્મા શ્રી કુંથુનાથ સ્વામીની ભવ્ય પ્રતિમાજીને ગાદીન શીન ( પ્રતિષ્ટિત ) કરાવ્યાં. પ્રતિષ્ટામાં પાંચ દિવસ નવકારશી થઈ હતી તથા દેરાશરજીના નિભાવ ફંડમાં જૂદી જૂદી બોલીના મળી રૂપિયા ૬૦૦૦૦ સાઠ હજાર ની ઉપજ થઈ હતી.

આ અરસામાં રામસેનાનો શ્રી સંઘ મુનિરાજ શ્રી સુશીલ વિજયજી મહારાજ સાહેબને રામસેનામાં ચાતુર્માસ કરવા માટે પધારવા વિનંતી કરવા આવ્યો. તેમની આગ્રહ ભરી વિનંતીનો મહારાજ શ્રીએ સ્વીકાર કર્યો. ત્યાર બાદ

મહારાજ શ્રી વુગામથી વિહારકરી આલપા ગામમાં ચૈત્રી ઓળી કરાવી. કોરટાજી તીર્થની ચૈત્રી પૂનમની યાત્રા કરી આલપા પધાર્યા પોતાની જન્મ ભૂમી આલપા ગામ-માં પણ શ્રી સંઘમાં કુસંપનો સરો પેઠો હતો. મહારાજ સાહેબે એ સંપ કરાવી ત્યાં શાંતિસ્થાપી. ચૌદ સ્વપ્ન પારણુ કરવાનું કરી ત્યાંથી વિહાર કરી નોવીગામમાં પધાર્યા, ત્યાં અક્ષય તૃતીયાના એટલે વૈશાખ સુદિ ત્રીજના શુભ દિવસે શ્રી જૈન કન્યા શાળાની સ્થાપના કરાવી. ત્યાર બાદ નોવીથી વિહાર કરી ચાતુરમાસ માટે રામસેન (કાબેરી) પધાર્યા. રામસેનના ભાવિક શ્રી સંઘે મહારાજ શ્રીનું વાજતે ગાજતે સ્વાગત-સામૈયું કરી ગામમાં પ્રવેશ કરાવ્યો અને ૨૦૦૯ નું ચોમાસું ત્યાં કર્યું. આ અરસામાં ચાંદુરવાળા શા તેજમલ દાનાજીને મહારાજ સાહેબ પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરવાની શુભ ભાવના હોવાથી તેઓ પુનાથી અહીં રામસેન મહા-રાજ સાહેબ પાસે આવ્યા. પરંતુ તેમના માતુશ્રીના આગ્રહથી તાત્કાલિક દીક્ષાં ન લેતા તેમને ચાર મહિના મહારાજ સાહેબની નિશ્રામાં રહી ધાર્મિક અભ્યાસ કર્યો અને યથાશકિત તપસ્યા તથા વ્રત-નિયમાદિ કર્યા ચાતુર્માસ દરમ્યાન મહારાજ સાહેબના અમૃતમય સદુપદેશથી રામસેનના શ્રી સંઘમાં ધાર્મિક ક્રિયાની ઘણી જ જાગૃતિ આવી પર્યુષણા મહાપર્વમાં ભગવાન શ્રી મહાવીર સ્વામીના પારણાની બોલીનું ઘી ૨૬૫૧ છવીસસો એકાવન મણ થયું. કુલ ઉપજ પંદર હજારની થઈ. ચાતુર્માસ પૂર્ણ થતાં મુનિહાજ શ્રી સુશીલ વિજયજી મહારાજ



સાહેબ રામસેનથી વિહાર કરી દિક્ષાર્થી તેજમલ સાથે આલપા પધાર્યા. આલપાના શ્રી સંઘે દીક્ષાર્થી તેજમલજીનું બહુ માન કર્યું. સંવત ૨૦૧૦ ના કાર્તિક વદિ ૫ પાંચમના શુભ દિવસે ચાંદુર વાળા શા તેજમલ દાનાજીએ મુનિરાજ શ્રી સુશીલ વિજયજી મહારાજ સાહેબ પાસે આલપા ગામમાં શ્રી સંઘની વચ્ચે ધામ ધુમથી દીક્ષા અંગીકાર કરી. તેમને મુનિરાજ શ્રી સુશીલ વિજયજી મહારાજ સાહેબના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા અને તેમનું નામ મુનિ શ્રી તેજ પ્રભ વિજયજી રાખવામાં આવ્યું. ત્યાર બાદ બીજે દિવસે વિહાર કરી આલપાના સંઘ સાથે કોરટાજી યાત્રા કરવા માટે પધાર્યા ત્યાંથી શિવગંજ તે વખતે પધાર્યા. પુજ્યપાદ દાદા ગુરુદેવ શ્રી વિજય હર્ષ મહારાજ સુરીશ્વરજી સાહેબ શિવગંજમાં બિરાજ માન હતા. તેઓ શ્રી પાસે મુનિરાજ શ્રી તેજપ્રભ વિજયજીના વડી દીક્ષાના જોગ કરાવ્યા અને સંવત ૨૦૧૦ ના મહા શુદિ ૧૩ તેરસના દિવસે પુજ્ય વાદ દાદા ગુરુદેવ શ્રી વિજય હર્ષ સુરીશ્વરજી મહારાજ સાહેબના વરદ હસ્તે મુનિ શ્રી તેજ પ્રભ વિજયજીને વડી દીક્ષા આપવામાં આવી. ત્યાર બાદ શિવગંજથી વિહાર કરી તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રાર્થે પાલીતાણા પધાર્યા. અને સંવત ૨૦ ૧૦ નું ચાતુર્માસ પાલીતાણા ધોધાવાળી ધર્મ શાળામા કર્યું ચાતુર્માસ પૂર્ણ થતાં પાલીતાણાથી વિહાર કર્યો. અને સૌરાષ્ટ્રના તીર્થોની યાત્રા કરી તારંગાજી તથા કું ભારીયાજી તીર્થના યાત્રા

કરી મારવાડ તરફ વિહાર કર્યો. મારવાડમાં વિચરતા વિચરતા અરઠવાડાગામમાં પધાર્યા

અરઠ વાડાના શ્રી સંઘમાં ત્રીસ વરસથી કુસંપ ચાલતો હતો. જેથી શાસન પ્રભાવક મુનિ શ્રી સુશીલ વિજયજી મહારાજ સાહેબે એકજ દિવસમાં કુસંપ દુર કરાવી. શ્રી સંઘમાં શાંતિ સ્થાપી; અને શ્રી સંઘની વિનંતીથી ચૈત્ર માસની ઓલીનાં આરાધના કરાવી. એ વખતે ત્યાં પાલીતાણાથી પંન્યાસજી શ્રી સંપત વિજયજી મહારાજ સાહેબનો પત્ર આવવાથી અરઠ વાડાથી વિહાર કરી પાલીતાણા પધાર્યા. અને સંવત ૨૦ ૧૧ નું ચાતુર્માસ પાલીતાણામાં આરીસા ભુવનમાં કર્યું, ચાતુર્માસ દરમ્યાન પન્યાસજી સંપત વિજયજી મહારાજની નિશ્રામાં શ્રી ઉતરાધ્યયન શુત્રના અને શ્રી આચારંગ શુત્રના યોગવહન કર્યા ચાતુર્માસ પૂર્ણ થતાં પાલીતાણાથી વિહાર કરી અમદાવાદ લવારની પોળે પધાર્યા ત્યાં અઠવાડીયાની સ્થિરતા કરી મારવાડ તરફ વીહાર કર્યો. અને મારવાડમાં જોઈલ ગામમાં ચૈત્રમાસની ઓળીની આરાધના કરાવી. ત્યાંથી વિહાર કરી પાલડી પધાર્યા. અને ત્યાં શ્રી સંઘ તરફથી વીશ સ્થાનકનું ઉજમનું કરાવ્યું. ત્યાંથી વિહાર કરી પોસાલીયા પધાર્યા. ત્યાં ૨૭ ગામોના શ્રી સંઘે કમેટી કરેલ હોવાથી મહારાજ સાહેબને સ્થિરતા કરવાનું કહ્યું, મહારાજ સાહેબના સદુપદેશથી પોસાલીયામાં ધાર્મિક કન્યાશાળા ચાલુકરી. ત્યાં ખીવાનદીના ભાવિક શ્રી સંઘની



ચાતુર્માસની આગ્રહભરી વિનંતી થતા વિહાર કરી ખીવાનદી પધાર્યા. અને સંવત ૨૦ ૧૨ નું ચાતુર્માસ ખીવાનદી માંડયું" ચોમાસુ ધામ ધુમથી પૂર્ણ થતા ખીવાનદિથી વિહાર કરી વિચરતા વિચરતા પોષ દશમીએ વર કાનાજી પધાર્યા; અને પરમ પ્રભાવી પુરુષાદાની વરકાના-પાર્શ્વનાથ સ્વામીના દર્શન કરી અત્યંત આલ્હાદ પામ્યા.

આ વખતે વરકાનાજીમાં ઉપાદયાયજી શ્રી કૈલાશ સાગરજી મહારાજ સાહેબનો ભેટો થયો. તેઓશ્રીના શિસ્યો શ્રી કલપ સૂત્ર તથા શ્રી મહાનિશીથ સૂત્ર ના યોગમાં પેસવાના હોઈ ત્યાંથી વિહાર કરી સાદડી પધાર્યા.

અને ઉપાધ્યાયજી મહારાજ સાહેબની નિશ્રાંમાં શ્રી કલ્પ સૂત્ર. નંદિસૂત્ર. તથા અનુયોગ દ્વાર સૂત્રના યોગ વહન કર્યા. યોગ વહણ સાદડીમાં ચાલુ કર્યાહતા અને સાદડીથી વિહાર કરી વીજોવા આવી ત્યાં યોગ પૂર્ણ કર્યા; ત્યાર બાદ વીજોવાથી વિહાર કરી ચૈત્રી ઓળીવાલી ગામમાં કરાવી. અને ચાતુર્માસ સાથે જાવાળશ્રી પધારર્યા અને સંવત ૨૦ ૧૩ નું ચાતુર્માસ જાવાલમાં કર્યું". શાસન પ્રભાવક મહારાજ સાહેબના અમૃતમય સદુપદેશથી ચાતુર્માસ દરમ્યાન જાવાલમાં શ્રી સંઘ તરફથી ઘણા ધાર્મિક કાર્યો થયાં. તેમાં શ્રી વર્ધમાન તપ આયંબિલ ખાંતુ ચાલુ કરવામાં આવ્યું. તેમાં જૂદા જૂદા ભાવિકો એ તીથીઓ લખાવી. વળી ત્યાં સાત ઘડાઓમાં પૈસાની બાબતમાં વર્ષોથી કુસંપ ચાલતો હતો તે મહારાજ સાહેબે તનતોડ

મહેનત કરી સંપ કરાવ્યો. પછી ગામના સાતે ઘડાઓના આગેવાનો એ મહારાજ સાહેબના ઉપદેશથી ગાંમબહાર આવેલી અંબાવજીની વાડીમાં પ્રથમ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીના ભવ્ય જિનાલયમાં શ્રી ઋષભદેવ પ્રભુના તેર ભવો રૂપિયા વીસ હજારના ખર્ચે પોરબંદરી પથ્થરમાં કલાત્મક રીતે કોતરાવવામાં આવ્યા તથા દેરાસર જીની ખુલ્લી જગ્યામાં રૂપિયા પંદર હજારના ખર્ચે લોખંડની મજબુત જાળી કરાવવામાં આવી તથા તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો ભવ્ય પટ રૂપિયા પાંચ હજારના ખર્ચે આરસ પાણમાં કોતરાવ્યો. અને બીજા તીર્થોના પણ પટો બનાવવામાં આવ્યા એવી રીતે શાસન હિતના અનેક કાર્યો કરી ચાતુર્માસ પૂર્ણ થતા ત્યાંથી વિહાર કર્યો.

જાવાલથી વિહાર કરી જાલોર પધાર્યા ત્યાં મૌનએકાદશીની આરાધના કરાવી વિહાર કરી પોષ દશમી નાકોડાજી તીર્થંમા કરી. ત્યાંથી વિહાર કરી બાડમેર થઈ જેશલમેર પધાર્યા. જેસલમેરમાં પંદર દિવસની સ્થિરતા કરી. ત્યાંથી વિહાર કરી. પોકરણ ફલોધી થઈ ફાગણ ચોમાસી જોધપુરમાં કરી. ત્યાંથી વિહાર કરી જાવાલ પધાર્યા. અને ચૈત્રી ઓળીની આરાધના જાવાલમાં કરાવી. ત્યાર બાદ જાવાલથી વિહાર કરી અક્ષય તુતીયા પર માઉન્ટ આબૂ પધાર્યા. ત્યાંથી વિહાર કરી આબૂરોડ પધાર્યા, ત્યાં પૂજ્ય પન્યાસજી શ્રી મનોહર વિજયજી મહારાજનો ભેટો થયો, તેઓ શ્રી સાથે રોહિડાના શ્રી સંઘના અતિશય આગ્રહથી ચાતુર્માસ માટે

રોહિડા પધાર્યા. અને સંવત
રોહિડામાં કર્યું. ચાતુર્માસ દર
વિજયજી મહારાજ સાહેબે પંન્યાસજી
મહારાજની નિશ્રામાં મહાનીશીથ
ચાતુર્માસમાં દાલંદ્રી નિવાસી
પત્ની ગજીબેન તથા તેમના પુત્ર
માટે આવેલ અને તેમને મહારાજ
તરફ વિહાર કરવાની વિનંતી કરી.
સાહેબના ઉપદેશથી તેમણે પાલીતાણામાં ધર્મ
હતી તેમાં પ્રથમ મહારાજ સાહેબના પગલા
થવાના હોવાથી તેમણે વિંનતી કરી હતી મહારાજ
શ્રીની ક્ષેત્ર ફરસના જ્ઞાનીએ દીઠુ હસે તે પ્રમાણે થ
શકયું. ત્યાંથી મહારાજ સાહેબ વાસા ગામે પધાર્યા
શ્રી સંઘમાં કેટલાક વખતથી કુસંપનો સડો પે
મહારાજ સાહેબે તન તોડ મહેનત કરી દૂર
શ્રી સંઘમાં શાંતિ સ્થાપી મહારાજ સાહેબે વા
સંઘને દેરાસરમાં આરસ પાષાણમાં જુદા જુદા તીર્થોના પટો કરાવાનો ઉપદેષ આપ્યો વળી કેટલાક ભવિકોને મહારાજ શ્રી પાસે શ્રાવકના વ્રતો ઉચ્ચરવાની ભાવના થવાથી નાણુ મંડાવી. અને ભાવિક શ્રાવક શ્રાવિકાઓએ શુભ ભાવના પૂર્વક મહારાજ સાહેબ પાસે વ્રત પચ્ચખાનો કર્યા. વાસાથી મહારાજ સાહેબ રોહિડા પધાર્યા.
રોહિડાથી વિહાર કરી જાવાલ થઈ કાબાંરી રામસેન પધાર્યા. ત્યાંથી ભિન્નમાલ સાંચોર થઈ ભોરોલ પધાર્યા. ત્યાં



મહેનત કરી અંપ કરાવ્યો હતા ૩૨ બત્રીસ પ્રાચીન જિન આગેવાનો એ મહારાજા. તે પ્રતિમાઓની પાટણ પંચા આવેલી અંબાવજીની ... કરવા માટે આવેલ હતા. તે ઋષભદેવ સ્વામીના ભવ્ય ... એ મત હતા ત્યારે મહારાજ તેર ભવો રૂપિયા વીસ હજ શ્રી સંઘે મહારાજ શ્રીને આ કલાત્મક રીતે કોતરા માટે વિનંતી કરી. ત્યારે મહારાજ ખુલ્લી જગ્યામાં યજીપે કહ્યું કે જો તમે આ પ્રતિમાઓ મજબુત જાળી ના ) લોભમાં પડીને આપી દેશો તો તીર્થનો શત્રુ જયન્દ્ર જશે માટે એ પ્રતિમાઓ કોઇને પણ આપ- આરસ પા ત્યારે મહારાજશ્રીની આજ્ઞા અનુસાર એ બનાવવામાં ભોરોલમાંજ રાખવી એવો ઠરાવ કરી શ્રી સંઘના કરી આ ... વ્યાખ્યાણ કર્યું. પછી મહારાજશ્રીએ સંઘને ઉપ- ... કે શ્રી નેમિનાથ ભગવાનના દેહરાસરની ભમ જાવાલ ... દેરીયો બનાવાની. આ વાત શ્રી સંઘે કબુલ દર્શિની આ ... શ્રીએ ભોરોલમાં એ ૨૪ દેહરીઓમાં અહિંથી તીર્થમાં ... પ્રતિમાઓ સ્થાપન ન થાય ત્યાં સુધી ગોળ ... નો શ્રી સંઘની સમક્ષ ત્યાગ કર્યો. ત્રણ દિવસની સ્થિરતામાં આ કાર્ય કરી મહારાજ શ્રીએ ભોરોલથી કચ્છ ... વિહાર કર્યો.

કચ્છમાં આવેલા જુદા જુદા તીર્થોની પાવનકારી યાત્રા કરી આત્મિક આહ્લાદ અનુભવ્યો. ત્યાંથી વેણાસરનું રણ ઉતરી મોરબી વાંકાનેર થઈ જામનગર પધાર્યા. ફાગણ ચોમાસી જામનગર દેવબાગમાં કરી ત્યાંથી વિહાર કરી



આ ગ્રંથના લેખક